# અરવલ્લી જિલ્લાના મોડાસામાં વિશ્વકર્મા જયંતિની ઉજવણી


## નગરયાત્રામાં હજારોની સંખ્યામાં ભાવી ભક્તો ઉમટ્યા

મોડાસા, તા. ૧

મહાસુદ તેરસ એટલે કે વિશ્વકર્મા જયંતી. આ વિશ્વકર્મા દ્વારા સૃષ્ટિનું નિર્માણ કરવામાં આવ્યું અને વિશ્વકર્માના પાંચ પુત્રો શિલ્પી (કડિયા), સોની, પંચાલ, સુથાર અને કંસારા. આ જ્ઞાતિમાં અને કારીગર કોમમાં વિશ્વકર્મા જયંતી મનાવવામાં મહાસુદ તેરસના દિવસે કડિયા, સોની, પંચાલ, સુથાર અને કંસારા આ પાંચે જ્ઞાતિ વિશ્વકર્માના વંશજ કહેવાય છે કેમ કે આ પંચે કારીગર કોમ દ્વારા કારીગરી કરી મકાનના પાયાથી લઈને નારીના શ્રૃંગાર સુધી આ પાંચ કોમની જરૂર પડતી હોય છે. જેને કારણે આ વિશ્વકર્મા જયંતીના દિને કારીગર કોમ જેમાં હજારોની સંખ્યામાં સ્ત્રીઓ અને પુરૂષો ભજન, કિર્તન કરી નગરની શેરીઓને વાતાવરણ ભક્તિમય બનાવી દે છે અને નગરયાત્રા કરી નીજ મંદિરે જ પરત ફરે છે.

મોડાસામાં આવેલ વિશ્વકર્મા મંદિરો માત્ર ચાર થી પાંચ જ છે અને એમાંથી એક સથવારા કડિયા જ્ઞાતિનું

(તસવીર : સમીર બલોચ, મોડાસા)



આવે છે. આ દિવસે પૂજા-પાઠ કરી ભક્તો ધન્યતા અનુભવે છે.

મોડાસા શહેરમાં સથવારા કડિયા જ્ઞાતિમાં આવેલ વિશ્વકર્મા મંદિર જ્યાં સવારથી જ ભક્તોની ભીડ દર્શનાર્થે ઉમટી પડી હતી અને આ પોતાના શસ્ત્રોની પૂજા કરી અને મંદિર જઈને આખો દિવસ પૂજા પાઠ અને ભજન કિર્તનમાં જ વિતાવે છે. અને એ દિવસે મોડાસાના કડીયાવાળા વિશ્વકર્મા મંદિરમાંથી દાદાનો રથ વાજિંત્રો સાથે નગરમાં યાત્રા કરે છે. છે જેમાં પૂજા-પાઠ અને દાદાની નગરયાત્રા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે. અને આ દિવસે સર્વ જ્ઞાતિબંધુઓ નોકરી ધંધે રજા રાખીને આખો દિવસ ભજન કિર્તન પૂજા અર્ચના કરે છે.

# નારી શક્તિ સ્વરક્ષણ, આત્મ સન્માન માટે વિશ્વાસ જગાવે

## કાર્યક્રમમાં જુડો-કરાટેના વિવિધ નિર્દેશનો બહેનો દ્વારા રજૂ કરાયા : આનંદીબેન પટેલે પ્રેરક માર્ગદર્શન પુરુ પાડ્યું


અમદાવાદ, તા.૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહિલાનારી સુરક્ષા સન્માન માટે રાજય સરકાર પ્રયાસો-યોજનાઓ સાથે નારી શક્તિ સ્વયં હિમ્મત-આત્મવિશ્વાસ જગાવે તેવું આહવાન કર્યું છે. આનંદીબેન અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં હજારોની સંખ્યમાં ઉપસ્થિત દિકરી યુવા વિદ્યાર્થીનીઓની આત્મસુરક્ષા-સ્વમાન ગોરવના સ્વરક્ષણ પાઠ શીખવતા જિફેન્સ અ ડાન્સ કાર્યક્રમમાં સહભાગી થઈને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રી સમક્ષ આ કાર્યક્રમમાં જુડો-કરાટેના વિવિધ નિર્દશનો પણ બહેનો રજૂ કર્યા હતા.

સમાજમાં અડધો અડધ સંખ્યાબળ ધરાવતી નારી શકિતના સ્વમાન-ગૌરવને સમાજે અહેમિયત આપવી જ રહી આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આની સાથો સાથ મહિલાઓએ પણ ડર-ભય-દૂર કરી આત્મલિશ્વાસ મેળવવાની આદત કેળવવી જોઈએ. આનંદીબેન રાષ્ટ્રભાવના પણ આ સાથે મહિલા શક્તિમાં પ્રરિત થાય તેવી દેશદાઝ પ્રગટાવવા પોતાના ભૂતકાળના સંસ્મરણો, વાગોળતાં પ્રેરણા આપી હતી.

આ અવસરે ગૃહ રાજયમંત્રી રજનીભાઈ, મેયર મિનાક્ષી બહેન, પોલીસ મહાનિદેશક પી.સી.ઠાકુર સહિત વરિષ્ઠ અગ્રણીઓ, મહિલા આયોગના અધ્યક્ષા તથા વિવિધ મહિલા સંગઠનોના પદાધિકારીઓ, મહિલા સુરક્ષા સાથે સંકળાયેલા સંગઠનો અને ઉત્સાહથી છલકતી નારી શક્તિ ઉપસ્થિત હતા. તેમણે આ આયોજન માટે સુશ્રી રૂઝાન ખંભાતાને અભિનંદન આપ્યા હતા.

## શબ્દાવલી - ૫૬૩૨



### આડી ચાવી

૧. કજિયો, તકરાર (૫)
૪. અંગત, પોતીકુ (૨)
૬. વહાણનું તુતક (૨)
૭. ખેતીનું દાંતાવાળુ એક ઓજાર (૩)
૮. સીડી, દાદર, પગથિયું (૩)
૧૦. ફરાળમાં વધારે ખવાતું કંદ (૩)
૧૧. ફાયદો, નફો (૨)
૧૩. રોનક, રંગની છટા (૩)
૧૫. મુંગુ, બોલી ન શકે તેવું (૨)
૧૭. હાથી (૨)
૧૯. રાજા, રાજવી (૩)
૨૦. મંદ ગતિથી જનારું (૪)
૨૨. અજંપો, હિલચાલ (૪)
૨૩. સાવ, બિલકુલ, છેક (૩)

### ઊભી ચાવી

૧. વહાણનો મુખ્ય ખલાસી (૩)
૨. નજર, વારંવાર ટોકવું તે (૨)
૩. અદલાબદલી (૪:
૪. ખાતાવાર હિસાબ રખાય તે ચોપડો (૪)
૫. સાંઠેકડું, સાંઠીકુ (૨)
૮. સાથ, મૈત્રી (૩)
૯. કામ વિનાનું (૩)
૧૨. તખ્ત (સત્તા) પર બેઠેલ (૫)
૧૩. તખ્તો, રંગભૂમિ (૪)
૧૪. હાથીઓનું ટોળું (૪)
૧૬. જાદુ, કારીગરી (૪)
૧૮. તામીલનાડુમાં... ભાષા બોલાય (૩)
૨૧. કિલોમીટર જેવું જૂનું માપ (૨)

### શબ્દાવલી ૫૬૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) શિવલીંગ (૩) રતી (૫) પરોપકાર (૮) લય (૧૦) પારસ (૧૧) યશોગાન (૧૩) પોખરણ (૧૪) ખસખસ (૧૮) ચમક (૧૯) જખમ (૨૧) અર્થ (૨૨) નગ

**ઊભી ચાવી :-** (૧) શિવાલય (૨) ગપ (૩) રકાસ (૪) તીર (૬) રોપો (૭) પરદુખનભંજન (૯) યશો (૧૨) અણનમ (૧૫) સમર્થ (૧૬) ખસ (૧૭) સકળ (૨૦) ખગ







યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી ત્ર્યંબેકશ્વર મહાદેવ મંદિર સેકટર-૮ દ્વારા નિઃશુલ્ક બોડી ચેક અપ કેમ્પનું આયોજન રવિવારના રોજ ૯ થી ૧૨ દરમિયાન સેકટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ડેન્ટીસ્ટ, ઓર્થોપેડીક આયુર્વેદિક નિષ્ણાંત ડોકટરોની રાહબરી હેઠળ ૧૫૩ જેટલા સેકટરવાસીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાતમાં સ્વાઈન ફલુના સેકડો દર્દી સારવાર હેઠળ

## મોતનો આંકડો સાવચેતીના તમામ પગલા છતાં ૩૭ ઉપર પહોંચ્યો : જાન્યુઆરીથી પોઝિટિવ કેસોની સંખ્યા ૩૦૦

અમદાવાદ, તા. ૧

માત્ર રાજસ્થાનમાં જ નહીં બલ્કે ગુજરાતમાં પણ સ્વાઈન ફલુએ જોરદાર આતંક મચાવેલો છે. સ્વાઈન ફલુના કારણે દર્દીઓ સતત વધી રહ્યા છે. સ્વાઈન ફલુથી વધુ પાંચ લોકોના મોત થઈ ચુક્યા છે જેના પરિણામ સ્વરુપે ભારે ખળભળાટ મચેલો છે. સ્વાઈન ફલુ રોગચાળાને રોકવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે.

અમદાવાદમાં એક અને સુરતમાં પણ એક વ્યક્તિના મોત સાથે સ્વાઈન ફલુએ દહેશત મચાવી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાંથી સ્વાઈન ફલુના શ્રેણીબદ્ધ કેસો નોંધાયા છે. તંત્રમાં પણ ભારે ભાગદોડ મચેલી છે. સાવચેતીના તમામ પગલા છતાં અમદાવાદમાં સ્વાઈન ફલુના વધુ કેટલાક લોકો ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પહેલી જાન્યુઆરી બાદથી ગુજરાતભરમાં સ્વાઈન ફલુના પોઝિટિવ કેસોની સંખ્યા ૨૭૦ સુધી પહોંચી ગઈ છે જે પૈકી ૧૦૯લોકોની સારવાર થઈ ચુકી છે. સેકડો દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. ૩૭ લોકોના મોત રાજ્યભરમાં નવા વર્ષમાં થઈ ચુક્યા છે. સ્વાઈન ફલુનો આતંક ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે દેખાઈ રહ્યો છે. કચ્છમાં વધુ ત્રણ લોકોના મોત થતાં આ જિલ્લામાં નવના મોતનો આંકડો થઈ ચુક્યો છે. આણંદમાં એકનું મોત થઈ ચુક્યું છે. સુરત જિલ્લામાં સ્વાઈન ફલુ દર્દીઓનો આંકડો ૧૧૪ સુધી પહોંચી ચુક્યો છે. કચ્છમાં અને અન્ય જગ્યાઓએ સ્વાઈન ફલુના કારણે મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. સુરત શહેરમાં દર્દીઓની સંખ્યા પહેલી જાન્યુઆરી બાદથી ૩૫ ઉપર પહોંચી ગઈ છે. અમદાવાદ શહેરમાં તથા ગુજરાત ભરમાં સ્વાઈન ફલુએ ભારે આતંક મચાવેલો છે. માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે રાજસ્થાનમાં પણ સ્વાઈન ફલુના કારણે ૨૮ લોકોના મોત થઈ ચુક્યા છે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહેલોત પણ સ્વાઈન ફલુના કારણે સકંજામાં આવી ચુક્યા છે. તંત્ર સાવધાન હોવા છતાં રોગચાળો બેકાબૂ બનેલો છે.

## વિજયનગરના પરવઠ ગામે ત્રણ વર્ષથી પત્નીને ત્રાસ આપતા પતિ વિરુદ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના પરવઠ ગામે લગ્નના ત્રણ વર્ષ બાદ પત્ની નથી ગમતી કહી ત્રાસ આપતા પત્નીએ પતિ વિરુદ્ધ ફરિયાદ વિજયનગર પોલીસ મથકે શનિવારે નોધાવી છે. પરવઠ ગામના જગદીશભાઈ જીવાજી માલવીયના ત્રણ વર્ષ પહેલા લગ્ન હંસાબેન સાથે થયા હતા અને ત્યારબાદ તેના પતિએ કહેલ કે તું મારા ઘરમાં શોભતી નથી તું ખરાબ ચાલની છે અને શંકાઓ કરી અવાર નવાર હંસાબેનને જગદીશભાઈ મારમારતા અને કહેતા કે તારે છોકરા થતા નથી તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા જેથી હંસાબેને કંટાળીને વિજયનગર પોલીસ મથકે શનિવારે ફરિયાદ નોધાવી છે.

## સુવિધાના લીધે કન્યા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે પ્રતિષ્ઠા મેળવી

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે કન્યા કેળવણી-નારી શિક્ષણ માટે ઉદાર હાથે દાન ભંડોળ આપનારા સમાજ શ્રેષ્ઠીઓની સખાવત ભાવના રાજયની શિક્ષણ વિકાસ યાત્રાને વિશ્વ પ્રતિષ્ઠા અપાવશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. મુખ્યમંત્રી ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ-સેવા-આરોગ્ય જેવી જનકલ્યાણ પ્રવૃતિ માટે દાન-સહાય આપવાની પરંપરા રહેલી છે તેને વર્તમાન યુગમાં પણ બરકરાર રાખનારા સૌનો હદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આનંદીબેન શાળા-કોલેજો અને શૈક્ષણિક સંકુલો માત્ર ઈટ પથ્થારીની ઈમારત કે શિક્ષણ જ આરનારા ભવનો નહિં બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓ, કલાસર્જન-જિજ્ઞાસાવૃતિ ખિલવનારા ચેતકો કેન્દ્રો બની રહે તેવા વાતાવરણના નિર્માણની જરૂરિયાત સમજાવી હતી.

## ૮૨ની ધરપકડ...

● છેલ્લા પાનાનું ચાલુ

કાબુમાં લેવા ગયેલી પોલીસ પર પણ પથ્થરમારો તથા હથિયારો ઉછળ્યા જેમાં પી.આઈ. કે.કે. પંડ્યા સહિત ૧૪ પોલીસ અધિકારી-કર્મચારીઓ ધિંગાણામાં ઘાયલ થયા હતા. જેમાં એક જમાદાર ભીખાભાઈનું માથુ ફાટી જતાં ટાંકા લેવા પડ્યા હતા. આ ધિંગાણામાં એએસઆઈ કાનજીભાઈની રૂ. ૪૫૦૦ની ઘટીયાળની લુંટ ચલાવવામાં આવી હતી. સ્થિતિ કાબુમાંલેવા પોલીસે ૧૦ રાઉન્ડ ફાયરીંગ તથા ૧૮ ટીયરગેસના સેલ છોડ્યા હતા. આખરે મામલો શાંત પડ્યા બાદ પોલીસનો કાફલો બંદોબસ્તમાં રાતભર માટે ગોઠવી દઈ કોમ્બીંગ નાઈટ રાખી રાયોટીંગના આરોપીઓને હથિયારો સાથે ઘરની બહાર નીકાળી પોલીસસ્ટેશન લઈ જવાયા હતા. બંને જુથો પોલીસ સ્ટેશનમાં ન બાખડે તે માટે ઠાકોરોને અડાલજમાં અને રબારીઓને માણસા પોલીસ સ્ટેશનમાં લોકઅપમાં પુરવામાં આવ્યા હતા. બંને પોલીસ સ્ટેશનના લોકઅપ ખીચોખીચ ભરાઈ ગયા હતા. પી.આઈ. પંડ્યાની ફરીયાદને આધારે બંને જુથના ૯૩ આરોપીઓ સામે અડાલજ પોલીસમથકમાં આઈ.પી.સી. કલમ ૩૦૭, ૩૨૩, ૩૩૩, ૩૩૭, ૩૫૩, ૩૯૫, ૩૯૮, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, ધી ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટની કલમ ૩, ૭ અને જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે ૮૨ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જ્યારે ૬ આરોપીઓ હોસ્પિટલાઈઝ છે અને પાંચ આરોપીઓ હજુ ફરાર છે. આ રાયોટીંગમાં પોલીસના આઠ વાહનોમાં તોડફોડ કરી તત્વોએ નુકશાન પહોંચાડ્યું હતું.

## ટાઈમ લાઇન...

● છેલ્લા પાનાનું ચાલુ

પિરિયડમાં ગુજરાતના સિનિયર મોસ્ટ એવા બાર સનદી ઓફિસરો વય નિવૃત્ત થઈ રહ્યા છે. ફેબ્રુઆરીમાં ભાગ્યેશ જહા અને કે. બી. ભટ્ટ, માર્ચમાં આર. આર. વરસાણી, દિલીપ રાવલ અને બી. જે. ભટ્ટ નિવૃત્ત થાય છે. એન્લિમાં રાજેશ કિશોર અને એચ. કે. દાસ નિવૃત્ત થાય છે કે જેઓ બન્ને હાલ નવી દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર છે. મે મહિનામાં પી. એલ. દરબાર, સી. પી. પટેલ અને હાલના ગુજરાતના ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયન નિવૃત્ત થાય છે, જયારે જૂન મહિનામાં ડી. કે. રાવ અને -દિપ શર્મા તેમની લાઈફના ૬૦ વર્ષ પૂર્ણ કરશે. જો કે સચિવાલયના સૂત્રો કરી રહ્યા છે કે પાંડિયનને છ મહિનાનું એક્સટેન્શન મળશે એટલે કે તેઓ ચીફ સેક્રેટરીની પોસ્ટ ઉપર નવેમ્બર સુધી રહી શકશે...

**સીએમઓ અપડેટ પણ કેબિનેટ નહી ...**

ગુજરાતમાં ચીફ મિનિસ્ટરની ઓફિસ સોશ્યલ નેટવર્કિંગમાં અપડેટ છે પરંતુ કેબિનેટના સભ્યોની ઓફિસો જોવા મળતી નથી. નવી દિલ્હીમાં ડિપાર્ટમેન્ટનું અપડેટ ફેસબુક અને ટ્વિટર ઉપર અપલોડ કરવાની સૂચના આપવામાં આવી છે પરંતુ ગુજરાતમાં આવા આદેશ હજી કરવામાં આવ્યા હોય તેમ લાગતું નથી. કેબિનેટ પ્રધાન સૌરભ પટેલ ટ્વિટર ઉપર અપડેટ છે પણ બીજા પ્રધાનોને હજી ટ્વિટરની ભાષા સમજાતી નથી. વિભાગોની વેબસાઈટમાં પોલંપોલ ચાલે છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અપડેશન માટે વારંવાર સૂચનાઓ આપે છે પરંતુ વિભાગોના ઓફિસર કે જેઓ વેબસાઈટ અપડેશનનું કામ જૂએ છે તેઓ માત્ર વેબસાઈટ ઉપર તારીખ બદલે છે, કન્ટેન્ટ્સ નવું હોતું નથી...

**કોગ્રેસમાં ઘર વાપસી ક્યારે આવશે ...**

ધર્માન્તરણ અને ઘર વાપસીના મુદ્દે દેશભરમાં હોબાળો છે ત્યારે કોંગ્રેસમાં એક પછી એક વિકેટ પડતી જાય છે. ધૂરંધર નેતાઓ પાર્ટી છોડી રહ્યા છે ત્યારે કોંગ્રેસના ગુજરાતના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે અમારી પાર્ટીમાં ઘર વાપસી ક્યારે આવશે તેની અમે રાહ જોઈ રહ્યા છીએ. પહેલા ગુજરાત અને હવે નવી દિલ્હી તેમજ અન્ય રાજયોમાં કોંગ્રેસના -દેશિક નેતાઓ ભાજપ અને મોદી -ત્યે આકર્ષાઈ રહ્યા છે. કેટલાક સીબીઆઈના ડરથી તો કેટલાક સત્તા માટે પાર્ટી બદલવાનો વિચાર કરી રહ્યા છે. આ નેતાએ કહ્યું હતું કે અમારા હાઈકમાન્ડે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી તેમજ મહારાષ્ટ્રમાં શરદ પવારને ઘર વાપસી કરાવવી જોઈએ. જો તેમ નહી થાય તો પ્રાદેશિક પાર્ટીઓની સાથે કોંગ્રેસ પણ તૂટી જતા વાર નહી લાગે...

**મોદી અને અમિત શાહનો કરિશ્મા છે ...**

નવી દિલ્હીના રાજકારણમાં પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી અને પાર્ટી પ્રેસિડેન્ટ અમિત શાહનો કરિશ્મા છે. આ બન્ને નેતાઓએ ભેગા મળીને કોંગ્રેસને રાજકારણમાં ખતમ કરવાનો પ્લાન બનાવેલો છે. એ સાથે જે રાજયમાં પ્રાદેશિક પાર્ટીઓ મજબૂત છે ત્યાં પણ પગપેસારો કર્યો છે. ભારતીય જનતા પાર્ટીમાં આટલું બધું આકર્ષણ આ પહેલા ક્યારેય જોવા મળ્યું નથી. આજે મોટી થતી જતી પાર્ટીમાં એવું કહેવાય છે કે મોદી અને અમિત શાહ બોલે એટલે વાત ખલાસ.. પાર્ટીમાં કોને લેવા અને કોને સાઈડટ્રેક કરવા તે આ બન્ને નેતાઓ સારી રીતે જાણે છે. અમિત શાહે પહેલાં ગુજરાત કોંગ્રેસને ખોખલી બનાવી દીધી હતી અને હવે બીજા રાજયોમાં કોંગ્રેસ તેમજ અન્ય પાર્ટીઓને ખોખલી બનાવી રહ્યા છે...

**મેઇક ઇન ઇન્ડિયા કેમ્પેઇન જોરમાં છે ...**

નવી દિલ્હીમાં સત્તાના સૂકાન સંભાળ્યા પછી લાયનના સિમ્બોલ સાથે પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા મેઈક ઈન ઈન્ડિયા કેમ્પેઈન એટલું બધું પોપ્યુલર થયું છે કે જેની અસર માત્ર દેશમાં જ નહી, વિશ્વના નાના-મોટા દેશો ઉપર પડી છે. ખાસ કરીને ચાઈના, જાપાન, યુકે અને યુએસના બિઝનેસ હાઉસ ભારત -ત્યે આકર્ષાયા છે. ભારતમાં મેઈડ ઈન ઈન્ડિયા નહીં પણ મેઈક ઈન ઈન્ડિયાએ નવી દિશા ખોલી છે. જો કે આ કેમ્પેઈનની હવામાં આપણી નાની નાની કંપનીઓ ખોવાઈ ન જાય તેનું સત્તાધિશોએ ધ્યાન રાખવાની જરૂર છે. કારણ કે આપણે ત્યાં એવા ઉદાહરણ છે કે નવી ટેકનોલોજીનો સહારો લેતાં જૂની ટેકનોલોજી પૂર્ણ થાય છે. એક ઉદાહરણ જોઈએ તો મોલ કલ્યરના પ્રવેશ પછી કરિયાણાની નાની દુકાનોને તાળા લાગી ચૂક્યા હતા અને હવે ઓન લાઈન શોપિંગના કારણે મોલ કલ્ચર બંધ થઈ રહ્યા છે. ચાઈનાની પ્રોડક્ટ્સને આવકારતા પહેલાં આપણી પ્રોડક્ટ્સને મજબૂત બનાવવી પડશે કે જેથી આપણા ઉદ્યોગો આવા જાયન્ટ સામે ટકી શકે...

**ગુજરાતના અશ્વોમાં હજી દમ છે...**

ગુજરાતના અશ્વ બજારમાં હજી ખૂબ દમ છે. એક ઈતિહાસ હતો કે રાજા-મહારાજા અશ્વના શોખિન હતા પરંતુ હવે કોર્પોરેટ હાઉસ અને માલેતુજારો અશ્વપાલનનો ગજબનો શોખ ધરાવે છે. આજે ફાર્મ હાઉસમાં અશ્વોને સંભાળતા વિરલાઓ અશ્વોની સંભાળ માટે લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. આંકડા સ્વયં સ્પષ્ટ છે કે પાંચ વર્ષ પહેલાં આપણે ત્યાં ૧૩૪૧૭ અશ્વ હતા આજે તેની સંખ્યા વધીને ૧૯૦૦૦ થવા જાય છે. બીજી તરફ ભારતમાં અશ્વોની સંખ્યા સવા છ લાખ કરતાં વધી ચૂકી છે. અશ્વપાલનમાં માત્ર ગુજરાત જ નહી, અન્ય રાજયો પણ પાવરધા છે અને એના કારણે પાંચ વર્ષમાં અશ્વની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો જોવા મળે છે. આપણા કાઠીયાવાડી અશ્વોની વિશ્વના બજારમાં ખૂબ માંગ છે...

## ફેસ્ટીવલમાં વિજેતા...

● પહેલા પાનું ચાલુ

ગુજરાતી માધ્યમમાં ધો-૮માં ભણતા આ બાળકોએ લ.સા.અ., ગુ.સા.અ., પવનચક્કી, વિદ્યુત બલ્બમાં પ્રકાશિત થતા પ્રકાશની ગતિ અને પ્રક્રિયા પર ફિલ્મો બનાવી છે.

બોરીજની શાળાના બાળકોને ઉમા એનીમેશન એજયુકેશન સંસ્થાના સત્યમભાઈ તાલિમ આપી રહ્યા છે. નિયમિત રીતે આ બાળકો ૨ થી ૩ કલાકની તાલિમ અભ્યાસ ઉપરાંત મેળવી રહ્યા છે.

આ બાળકોએ જયુરી દ્વારા પુછાયેલા પ્રશ્નોના પ્રત્યુત્તર પણ સ્હેજ પણ ખચકાટ વિના આપી સૌના મન મોહી લીધા હતા. તેમણે ત્યાં કલે માટીમાંથી જ એનીમેશન ફિલ્મના પાત્રોનું સર્જન કરી કેવી રીતે ફિલ્મ બનાવી તેનું નિદર્શન કર્યું હતું.

**Gujarat State Petronet Limited**

Corporate Identity Number: L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010
Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 13th February, 2015, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 31st December, 2014.

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary

Place: Gandhinagar
Date: 31st January, 2015

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ